શ્રાવણના પહેલા સોમવારની પૂર્વ સંધ્યાએ યોજાઈ

# સોમનાથ મંદિર સાથે સંબંધિત હર અને હરિની અદભુત કથાગોષ્ઠી

ગાંધીનગર,તા. ૨૭

સોમનાથ મંદિર વિષે પુરાણકથાને આધારે રચાયેલી નવલકથા 'ઉદયાસ્ત : દ્વારકા-સોમનાથ'ના લેખક નિપેશ જ. પંડયા સાથે રવિવારે ઓનલાઈન સંવાદ યોજાયો. 'મારી ભાષા ગુજરાતી' સાપ્તાહિક કાર્યક્રમના સાતમા અંક અંતર્ગત શ્રી પંડ્યાએ દેવ ચંદ્રએ પોતાનું ઋણ ચુકવવા સ્થાપેલું દિવ્ય શિવલિંગ જે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે ઓળખાય છે એ વિષે



ચંદ્ર અને મહાદેવ શિવનો ઋણાનુબંધનું વર્ણન કરતાં બહુ રોચક જાણકારી આપી. દરિયામાં ડૂબી ગયેલી સુવર્ણ નગરી દ્વારકા અને સુવર્ણ મંદિર સોમનાથ વિશેની લોકમાન્યતા તથા પુરાકથા પર પ્રકાશ પાડતાં તેમણે એક જ સમયમાં એક મંદિર તૂટે અને બીજું બંધાય આ ઘટના જણાવતાં હર મહાદેવ અને હરિ શ્રીકૃષ્ણ એકબીજાની સાથે કેવી રીતે જોડાયેલા છે તેની રસપ્રદ કથા સંભળાવી હતી. સો મિનિટ પ્રોગ્રામ વતી દિલ્હીથી આયોજક-સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે ગોષ્ઠિનું સંચાલન કર્યું હતું. પવિત્ર શ્રાવણના માસના પહેલા સોમવારની પૂર્વ સંધ્યાએ યોજાયેલ આ સાહિત્ય-સભામાં દિલ્હીથી રેણુકા-મનોજ બારોટ, ધર્મજ્ઞા રાવલ, તૃષા જાની રાવલ અને ભરૂચથી ભક્તિ મહેતા તથા મિતાલી સોલંકીએ શ્રાવણ માસને અનુરૂપ શિવ સ્તુતિ, ભજનો અને વરસાદી ગીતો સંભળાવી કાર્યક્રમમાં ભક્તિરસ સાથે આત્મિક મનોરંજનની રંગત આણી દીધી હતી.

દિલ્હીના જાણીતા ગુજરાતીઓ વિરાટ શાહ, મીતા સંઘવી, રાજીવ મહેતા તથા અમદાવાદથી વડીલ શ્રી જસવંતરાય પંડ્યા, હિતેશ પંડ્યા, વડોદરાથી કીર્તિદા ઉપાધ્યાય, માધવી અંધારિયા, મોરબીથી રૂચિતા ભટ્ટ, જામનગરથી પારસકુમાર, બેંગ્લોરથી દિવ્યા રાવલ વગેરે અનેક સાહિત્યરસિકો જોડાયાં હતાં. 'મારી ભાષા ગુજરાતી' ઓનલાઈન કાર્યક્રમ ગુજરાતી ભાષાની શુદ્ધતા અને વિશેષ કરીને ગુજરાતીઓમાં એનું માતૃભાષાપણું જળવાઈ રહે એ ધ્યાય સાથે શરુ કરાયેલ અને આ શ્રેણીમાં ભાષા-સંસ્કૃતિ અને કલાજગત સાથે સંકળાયેલ વિવિધ કાર્યક્રમો યોજાય છે જેને રસિકો તરફથી ભારે ચાહના સાંપડી રહી છે.

# લાયન્સ ક્લબની પ્રતિષ્ઠાને નવી ઊંચાઈ પર લઈ જઈશું : હેમંત અડાલજા

## લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ હેરિટેજના નવનિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ હેરિટેજના નવનિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ ગાંધીનગર ખાતે મર્યાદિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગણતરીના જ અતિથિઓની ઉપસ્થિતિમાં ક્લબના નવનિયુક્ત પ્રમુખ હેમંત અડાલજા, સેક્રેટરી રઘુસિંહ ગોલ તથા બૉર્ડ ઑફ ડિરેક્ટર્સે શપથ ગ્રહણ કર્યા હતા. બાકીના સભ્યોએ ઝૂમ એપ્લિકેશનના માધ્યમથી ઓનલાઈન શપથ ગ્રહણ કર્યા હતા.





આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સાબરકાંઠા વિસ્તારના સાંસદ દીપસિંહ રાઠોડ તથા શપથવિધિ અધિકારી તરીકે લાયન્સ ક્લબના પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર ડૉ. યોગેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. યોગેશભાઈ દવેએ આખાય સમારોહને પોતાના અનોખા અંદાજથી મનોરંજક બનાવી દીધો હતો અને ફિલ્મી માહોલ રચીને નવનિયુક્ત સભ્યોને તેમના પદ અને જવાબદારી અંગેની સમજ સરળ શબ્દોમાં પૂરી પાડી હતી. એમનો હળવો અંદાજ સમારોહને ભવ્યતા સાથે યાદગીરી પણ બક્ષી ગયો હતો.

મુખ્ય અતિથિ દીપસિંહ રાઠોડે પોતાના આશીર્વચનમાં નવનિયુક્ત યુવા ટીમને અડગ નિર્ધાર સાથે આગળ વધી સેવાકાર્યોની નવી ઊંચાઈ હાંસલ કરવા હાકલ કરી હતી.

શપથ લીધા બાદ પોતાના પ્રભાવી પ્રવચનમાં પ્રમુખ હેમંત અડાલજાએ આગામી વર્ષનું આયોજન અને શપથ લીધા પહેલાં જ શરૂ કરી દીધેલાં સેવાકાર્યોની વિગતો આપીને એ સાબિત કરી આપ્યું હતું કે ક્લબનું ભવિષ્ય યુવા હાથોમાં વધુ ઉજળું છે. તેમણે પોતાના પુરોગામીઓના પગલે ચાલીને લાયન્સ ક્લબને પ્રતિષ્ઠાની નવી ઊંચાઈઓ પર લઈ જવાની નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે રિજન ચેરમેન કિરીટભાઈ પટેલ, ક્લબના પૂર્વ પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદી, ફેમિના ક્લબનાં પ્રમુખ મમતાબેન રાવલ, અરૂણભાઈ પટેલ, એલ કે વાઘેલા, વિવેક પાબ્લા અને લાભશંકર જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું રસવાહી સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



દેવલબેન જોશી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



પ્રેરક આર જોશી
રેડક્રોસ



જય રાકેશભાઈ રાવળ



હેતક્ષ ત્રિવેદી




સ્મિત મ્યુઝિક દ્વારા રવીવારે આર.કે. એમ.એલ.એ. ટાઈટલ અંતર્ગત એફબી લાઈવ કાયકમમાં ભરત ગજ્જર, જયોતી ગજ્જર,પરેશ ત્રીવેદી, ધર્મેન્દ્ર ગજ્જર, રિઝવાન ખાન શહેરના ફનકારોએ રફીજી, કીશોરદા, મુકેસજી, લતાજી, આશાજી, અરીજીત,અતીફ, કુમાર સાનું ના મધુર ગીતો પ્રસ્તુત કરી પ્રોગ્રામને લાજવાબ બનાવ્યો હતો. ઓનલાઈન કાર્યક્રમનો સુંદર પ્રતિભઆવરહ્યો હતો. આ કાર્યક્રમ ૩૫૦ ઉપરાંતથી વધુ દર્શકોએ માણ્યો હતો. સંચાલન કરતાં જયોતી ગજ્જરે સહુનો આભાર વ્યક્ત કર્યો હતો.




કેન્દ્રીય વિદ્યાલય ક્રમાંક-૧, સેકટર-૩૦,ગાંધીનગર દ્વારા ગાયત્રી પરિવાર યુથ ગ્રુપ, અમદાવાદના સહયોગથી વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આચાર્યા મોહનચંદ્ર સત્યવલી દ્વારા બીલી, લીમડો, સીસમ, નગૌર, અશોક વગેરે વૃક્ષો શિક્ષકો સાથે મળી રોપવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં કોરોના સામે લડવાની પ્રતિબદ્ધતા અંગે આઈઆઈએમના અભ્યાસ રિપોર્ટમાં સંતોષ વ્યક્ત કરાયો

ગાંધીનગર, તા.૨૭

મુખ્ય વાતો :

- સંક્રમણના પ્રસારને અટકાવવા માટે નવી પહેલો : મોબાઈલ મેડિકલ વાન (ધન્વંતરી રથ), અન્નબ્રહ્મ યોજના, હાઈડ્રોજન બલૂન આધારિત દેખરેખ, સીએમ ડેશબોર્ડ દ્વારા પ્રત્યક્ષ દેખરેખ, અનેક સક્રિય જાગૃતિ અભિયાન, પ્રવાસી શ્રમિક સહાયતા ટીમ, જરૂરી ઉપયોગિતાઓ માટે ફીમાં માફી
- ૪ મહાનગરોમાં ડેડીકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ સ્થાપિત કરવાના સક્રિય નિર્ણયની સમયસર સારવાર અને સ્વાસ્થય સુધારનો દર વધારવામાં મદદ મળી.
- સમગ્ર રાજયમાં સંપૂર્ણ લોકડાઉન દરમિયાન ખાદ્યાન્ન અને જીવનજરૂરી ચીજવસ્તુઓના અવિરત પુરવઠા દ્વારા સામાન્ય સ્થિતિ જાળવી રાખવામાં આવી
- પ્રવાસીઓ અને જેમને ખાદ્ય સુરક્ષા કાયદો (NFSA) લાગુ થતો નહોતો તેના બહારના લોકોને પણ નિયમિત રીતે રાશન પહોંચાડવા માટે યોજનાઓ શરુ કરવામાં આવી.
- ૯૬ ટકા કોરોના વોરિયર્સને જરૂરી સુરક્ષાત્મક સામગ્રી પ્રાપ્ત થઈ.
- ગુજરાત પોલીસે લોકડાઉન દરમિયાન ઉદાહરરણાત્મક કાર્યો કર્યા.
- એકલા ગુજરાતમાંથી જ તમામ રાજયોમાં ૨૬ ટકા પ્રવાસીઓને ૧૦૦૮ શ્રમિક ટ્રેનો મારફતે સુરક્ષિત રીતે તેમના ઘરે પરત મોકલવામાં આવ્યા.
- સરકારના દષ્ટિકોણથી મોટાભાગના નાગરિકો સંતુષ્ટ છે.
- સર્વેક્ષણમાં સામેલ ૮૦ ટકાથી વધુ લોકોએ કોવિડ-૧૯ મહામારી દરમિયાન મુખ્યમંત્રીના નેતૃત્વ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો.

આ રિપોર્ટનો ઉદ્દેશ ગુજરાતમાં કોવિદ-૧૯ની પરિસ્થિતિ અને ગુજરાત સરકાર દ્વારા અપાવવામાં આવેલી ગતિશીલ અને તેમજ વિશિષ્ઠ અસરકારક રણનીતિ અંગે અવલોકન પ્રદાન કરવાનો છે. જેનાથી એક ચેતવણીરુપે દર્શાવી શકાય કે આ મહામારી ખતમ થવામાં હજુ ઘણો સમય લાગશે. પરિણામે, હજુ પણ નવી પહેલો તૈયાર અને કાર્યરત કરવામાં આવી રહી છે. જયારે રિપોર્ટનો મુસદો તૈયાર કરવામાં આવ્યો હતો. ચાર ભાગોમાં વિભાજીત આ રિપોર્ટ પ્રાથમિક અને મહત્ત્વપૂર્ણ અનુસંધાન પર આધારિત છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા અપનાવવામાં આવેલા મહત્ત્વપૂર્ણ પગલાંઓ પર પ્રકાશ પાડે છે. આમાં રાજયની પ્રતિક્રિયાઓ પર પોતાના અભિપ્રાયનું મૂલ્યાંકન કરવા માટે નાગરિકો અને વહીવટી તેમજ સ્વાસ્થ્યસંભાળ કાર્યકર્તા દ્વારા અચાનક ઉત્પન્ન કરવામાં આવેલા નમૂનાની સાથે એક ઓનલાઈન સર્વેક્ષણ દ્વારા સૂચનાઓના કથાનકને ઉમેરવામાં આવ્યું છે. આ અભ્યાસને કારણે સરકારના ભવિષ્યના પ્રગટીકરણ માટે પણ ભલામણો સામે આવી છે.

**અભ્યાસનાં મુખ્ય : પાસાઓ (ઈનસાઈડ)/ નિષ્કર્ષ**

જોકે, નિષ્કર્ષ હમણા અધૂરો છે, કારણ કે કોરોનાનું સંકટ હજુ પણ ચાલુ છે અને ઘણું મોટું છે. પરંતુ, તેમ છતાં મૂલ્યાંકનમાં શું મળ્યું તેના પર અહીંયા એક સંક્ષિપ્ત જાણકારી પ્રસ્તુત છે :

**સાર્વજનિક સ્વાસ્થ્ય**

આ રિપોર્ટમાં, જાહેરાત કરવામાં આવી તેના થોડાક જ દિવસોની અંદર ચાર શહેરોમાં - અમદાવાદ - ૧૨૦૦ બેડ્સ, રાજકોટ - ૨૫૦ બેડ્સ, સૂરત - ૫૦૦ બેડ્સ તથા વડોદરામાં ૨૫૦ બેડ્સની સાથે ૨૨૦૦ બેડ્સની ડેડિકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ સ્થાપિત કરવાના સરકારના પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી છે. આ રિપોર્ટમાં ખાનગી હોસ્પિટલોના સહયોગથી સમગ્ર ગુજરાતમાં ડેડિકેટેડ કોવિડ-૧૯ બેડ્સ વધારવા માટે રાજય સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. રાજયના સ્વાસ્થ્ય સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતા જાહેર - ખાનગી ભાગીદારી મોડેલ દ્વારા સરકારને સમગ્ર ગુજરાતમાં કોવિડ-૧૯ બેડ્સની ઉપલબ્ધતા વધારવામાં મદદ મળી છે.



ગુજરાત સરકારનું સુરક્ષા કિટ વિતરણ જેમકે, માસ્ક, સેનીટાઈઝર વગેરેનું વિતરણ કરવાનું અભિયાન અસરકારક રહ્યું, કારણ કે ૯૬ ટકા કોવિડ-૧૯ વોરિયર્સને જરૂરી સુરક્ષા સામગ્રી પ્રાપ્ત થઈ.

રાજય સરકાર દ્વારા અપનાવવામાં આવેલો સક્રિય દષ્ટિકોણ સંક્રમણના પ્રસારને અટકાવવામાં ઘણો સહાયક હતો. ઉદાહરણ તરીકે,



મોબીલ મેડિકલ વાનની શરુઆત, જેને ધન્વંતરી રથ પણ કહેવામાં આવેલ છે, તે પ્રાથમિક સ્વાસ્થ્ય સેવા પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ બની.

આ રિપોર્ટ દ્વારા જે એક રસપ્રદ પાસુ ઉજાગર થયું છે તે છે, રાજય સરકાર દ્વારા સ્વયં અને સમુદાય માટે સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને સફાઈ માટે કરવામાં આવેલા પ્રયાસોના પરિણામસ્વરુપે લોકોની જાગૃતિમાં સુધારો થયો છે. ૮૯ ટકા લોકો વિચારે છે કે જાહેરમાં થૂકવું એ ગુનો છે અને તેમાંથી ૮૧ ટકા લોકો માને છે કે થૂંકવું એ વ્યક્તિગત અધિકાર ન હોવો



જોઈએ.

**કાયદો અને વ્યવસ્થા**

આ રિપોર્ટમાં ગુજરાત પોલીસની ભૂમિકાનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસદળે અમલીકરણ અને સર્વેલન્સ માટેની પોતાની ક્ષમતામાં વધારો કરવા માટે તાત્કાલિક રુપથી ટેકનોલોજીને અપનાવીને પોતાની રણનીતિને પૂરક બનાવી. ડ્રોન્સ, હાઈડ્રોજન બલૂન્સ તેમજ પેટ્રોલીંગ કરનારી કાર રાજયના દરેક ગલી-નાકા પર જોવા મળી. પોલીસની આ પ્રકારની ઉપસ્થિતિ નાગરિકો માટે રાજય સરકારનો ચહેરો બની ગઈ. લોકડાઉનને લાગુ કરાવવાના પોતાના નિયમિત કર્તવ્યનું પાલન કરવા ઉપરાંત, પોલીસદળે સામુદાયિક રસોડા, રાશનની દુકાનો અને જાહેર વિતરણ વ્યવસ્થા પર પણ નજર રાખી જેમાં સંક્રમણનું જોખમ ઘટાડી શકાય.

રિપોર્ટ પ્રમાણે, સર્વેક્ષણમાં સામેલ ૮૦ ટકાથી વધુ લોકોએ સરકારની પહેલ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો અને ખાસ કરીને નાગરિકોની ભલાઈ માટે નિયમો અને વિનિયમોના અસરકારક અમલીકરણ સાથે સંબંધિત વહીવટીય સંસ્થાઓ સાથે મુખ્યમંત્રીના સૂચના સંચાર અંગે સંતોષ વ્યક્ત કર્યો. અસરકારક



સૂચના સંચાર અને સમન્વય માટે મુખ્યમંત્રીના નેતૃત્વ અને માર્ગદર્શને આ કટોકટીના સમયમાં વિશ્વાસ અને કુશળ સંચાલનમાં મદદ કરી.

**વહીવટીતંત્ર સાથે વિવિધ હિતધારકોના અનુભવો**

રાજય સરકારે તમામ સ્તરો પર વહીવટીતંત્ર સાથે સમન્વયમાં મહામારીના કારણે ઉત્પન્ન થયેલા અનેક પડકારોમાં પહોંચી વળવામાં યોગ્ય સક્રિયતા દર્શાવી. રોગચાળાને સંતુલિત કરવામાં પ્રત્યેક સ્તરે યોગ્ય અને વ્યૂહાત્મક અભિગમ સહાયક રહ્યો.

આ રિપોર્ટમાં રાજય સરકારની પ્રતિક્રિયારુપ રણનીતિને લાગુ કરવામાં ટેકનોલોજીની પૂરત ભૂમિકા પર પણ પ્રકાશ પાથરવામાં આવ્યો



છે, ખાસ કરીને લોકો સુધી પહોંચવા માટે અને રોજબરોજની પ્રવૃત્તિઓને સંચાલિતય કરવા માટે મુખ્યમંત્રીએ વિવિધ દિશા-નિર્દેશોના અમલીકરણની દેખરેખ માટે સીએમ ડેશબોર્ડનો ખૂબ જ કાર્યક્ષમ ઉપયોગ કર્યો. રાજય સરકારે લોકોને કોવિડ-૧૯થી પોતાની જાતને સુરક્ષિત રાખવા માટે આરોગ્ય સેતુ એપને ડાઉનલોડ કરવા અને તેનો ઉપયોગ કરવાનો આગ્રહ કર્યો. સર્વેક્ષણમાં ૯૭ ટકા વહીવટીય કર્મચારીઓએ આરોગ્ય સેતુ એપને ડાઉનલોડ કરી હતી અને તેઓ તેનો ઉપયોગ કરી રહ્યા હતા.

આ ઉપરાંત, રિપોર્ટમાં એ પમ જણાવવામાં આવ્યું હતું કે રાજય સરકારે સ્વાસ્થ્યકર્મીઓ અને વહીવટીય કર્મચારીઓને રોગપ્રતિકારક બૂસ્ટરનું વિતરણ કરવામાં સક્રિય રીતે સંલગ્ન છે. આ સાથે જ, આ રિપોર્ટ સરકાર દ્વારા કોવિડ-૧૯ના દર્દીઓની ઓળખ કરીને તેમને જરૂરી સારસંભાળ હેઠળ રાખવા માટે અપનાવવામાં આવેલી આક્રમક પરીક્ષણ રણનીતિને પણ રેખાંકિત કરે છે.

**પ્રવાસી શ્રમિકો**

આ રિપોર્ટ શ્રમિક ટ્રેનો મારફતે મજૂરો અને કામદારોની મોટી સંખ્યામાં



તેમના વતન પહોંચાડવા માટેના સંચાલનની પણ પ્રશંસા કરે છે. મેં મહિનામાં, ૧૫-૨૦ દિવસના સમયગાળામાં, ગુજરાતે ૧૪.૮ લાખ પ્રવાસી શ્રમિકો માટે ૧૦૦૦ થી વધુ શ્રમિક ટ્રેનોની વ્યવસ્થા કરી, જે સ્થાનિક, વહીવટીતંત્ર, બિનસરકારી સંગઠનો, પોલીસ અને સામાજિક જૂથોના વ્યાપક નેટવર્કના એક સાથે થવાથી શક્ય બન્યું. જોવાની વાત એ છે કે ગુજરાતનું વહીવટીતંત્ર આટલી મોટી સંખ્યામાં પ્રવાસી શ્રમિકો સુધી પહોંચી શકે છે અને ભોજન તેમજ પાણીના પર્યાપ્ત પુરવઠા સાથે તેમની સુરક્ષિત મુસાફરીની વ્યવસ્થા કરી શકે છે, જે જાહેર વહીવટીતંત્ર માટે એક અભ્યાસ કરવા લાયક કેસ છે.



**ભોજન અને અન્ય જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો**

રિપોર્ટમાં જાહેર વિતરણ વ્યવસ્થા મારફથે લોકોને મફતમાં અનાજ ઉપલબ્ધ કરાવવામાં રાજય સરકારની સફળતા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેમાં રાજયની ૮૦ ટકાથી વધુ વસ્તી અને પ્રવાસીઓને ગુજરાતના દરેક ખૂણામાં તથા જે લોકો ખાદ્યાન્ન સુરક્ષા કાયદા (NFSA) માં સામેલ નથી તેમને પણ જરૂરી ચીજવસ્તુઓનો નિરંતર પુરવઠો સુનિશ્ચિત કરવાની વાત સામેલ છે.

ગુજરાતમાં કોવિડ-૧૯ કટોકટી અંગેની વ્યવસ્થા પર અભ્યાસ સંદર્ભે, રિપોર્ટમાં કર્ણાટક, ઉત્તરપ્રદેશ, કેરળ, રાજસ્થાન અને ઉત્તર-પૂર્વના રાજયો (નોર્થ-ઈસ્ટ) દ્વારા વધુ સારા ક્રોસ-લર્નિંગ માટે સર્વોત્તમ રીતોનું સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે, ઉત્તરપ્રદેશમાં દેશનું પહેલું કોવિડ-૧૯ કલસ્ટર આગ્રામાં સંસ્થાગત કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા વહીવટીતંત્ર, રાજય સરકાર અને અગ્રણી કાર્યકર્તાઓ દ્વારા ગ્રાઉન્ડ લેવલ પર કાર્યવાહી કરવામાં આવી હતી.